તા. ૩૧/૧૨/૧૯ - મંગળવાર - નોબત

૭૭

## યુનિયન બજેટ ૨૦૨૦ અંગે વિચાર ગોષ્ઠી પણ યોજાઈ:

# જામનગર ચેમ્બર ઓફ કોમર્સ તથા તેને સંલગ્ન સંસ્થાઓ દ્વારા સાંસદ પૂનમબેન માડમનું અભિવાદન



જામનગર તા. ૩૧: તાજેતરમાં જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા તેને સંલગ્ન સંસ્થાઓ દ્વારા સાંસદ પૂનમબેન માડમના અભિવાદન સમારંભ તથા તેના ઉપક્રમે આગામી યુનિયન બજેટ અંગે વિચાર ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બર પ્રમુખ બિપેન્દ્રસિંહ જાડેજા દ્વારા કાર્યક્રમના મુખ્ય અતિથિ સાંસદ પૂનમબેન માડમનું શાબ્દિક સ્વાગત કરી પ્રિ-બજેટ મેમોરેન્ડમ (બજેટ અંગેના સૂચનો) અંગે ચર્ચા કરવા અંગેની પૂર્વભૂમિકા સાધવામાં આવી હતી.

ચેમ્બરના પ્રમુખ બિપેન્દ્રસિંહ જાડેજા, ઉપપ્રમુખ રમણિકભાઈ પી. અકબરી, માનદ્ મંત્રી અક્ષતભાઈ વ્યાસ, માનદ્ સહમંત્રી કુણાલભાઈ વી. શેઠ, માનદ્ ખજાનચી અજેશભાઈ વી. પટેલ, માનદ્ ઓડિટર રાજેશભાઈ બી. ચાંગાણી, માનદ્ સંપાદક સુધીરભાઈ વછરાજાની, ચેમ્બરના પૂર્વ પ્રમુખ તુલસીભાઈ વી. ગજેરા, પૂર્વ પ્રમુખ કિરીટભાઈ પી. મહેતા, લાખાભાઈ એમ. કેશવાલા તથા ઉપસ્થિત ચેમ્બર સંલગ્ન એસો.ના સર્વશ્રી જામનગર ફેક્ટરી ઓનર્સ એસો.ના ખજાનચી ભાઈલાલભાઈ સી. ગોધાણી, ધી સીડ્ઝ એન્ડ ગ્રેઈન મર્ચન્સ એસો.ના મંત્રી લક્ષ્મીદાસભાઈ રાયઠઠ્ઠા, જી.આઈ.ડી.સી. પ્લોટ એન્ડ શેડ હોલ્ડર્સ એસો.ના ઉપપ્રમુખ દિનેશભાઈ ડાંગરિયા, જામનગર ઈલેક્ટ્રીક કોન્ટ્રાક્ટર એન્ડ ડીલર્સ એસો.ના મંત્રી કિરીટભાઈ મહેતા, પટેલ કોલોની ઈન્ડસ્ટ્રીયલ એસો.ના જિતેન્દ્રસિંહ ઝાલા, ઈન્કમ ટેક્સ પ્રેક્ટીશનર્સ એસો.ના મંત્રી કૌપીલભાઈ દોશી, એક્ઝીમ મેટલ મર્ચન્ટ એસો.ના પ્રમુખ કાંતિભાઈ જોષી, જામનગર ગુડ્ઝ ટ્રાન્સપોર્ટર એન્ડ કમિશન એજન્ટ એસો.ના વિક્રમભાઈ ઓડેદરા, જામનગર શેર હોલ્ડર્સ એસો.ના પ્રમુખ મુગટભાઈ શાહ, જામનગર બારદાનવાલા એસો.ના ઉપપ્રમુખ શંભાભાઈ મંગે, સૌરાષ્ટ્ર ઓઈલમીલ એસો.ના અશ્વિનભાઈ સરોડિયા તથા જામનગર હાર્ડવેર મેન્યુફેક્ચરર એસો.ના મનસુખભાઈ સાવલા વિગેરે મહાનુભાવોના હસ્તે સંસદ પૂનમબેન માડમનું પુષ્પગુચ્છથી અભિવાદન કરવામાં આવ્યું હતું. ત્યારપછી ચેમ્બરની ઈન્કમ ટેક્સ અને કોર્પોરેટ લોઝ પેનલના ચેરમેન કમલેશભાઈ રાઠોડે ચેમ્બર દ્વારા તૈયાર કરેલ આગામી નાણાકીય વર્ષ ૨૦૨૦ ના બજેટ (પ્રિ-બજેટ મેમોરન્ડમ) ના સૂચનો રજૂ કર્યા હતાં. તેમજ ઉપસ્થિત સભ્યો અને વિવિધ એસો.નોના હોદ્દેદારો દ્વારા રજૂ કરવામાં આવેલ સૂચનોને નાણામંત્રાલય દ્વારા માન્યતા આપવામાં આવે અને વેપાર ઉદ્યોગને રાહત થાય તે માટે યોગ્ય કાર્યવાહી હાથ ધરવા સંસદ પૂનમબેન માડમને રજુઆત કરવામાં આવી હતી.